**-::નવાબંદર મરીન પોલીસ સ્ટેશન ગીરસોમનાથ ગુન્હા રજીસ્ટર નંબર ૧૧૧૮૬૦૦૩૨૬૦૧૩૧/૨૦૨૬ ના કામે આરોપી મુકેશભાઈ મોહનભાઈ કલસરીયા, રહે.મુળ સણોસરી, તા.ગીર ગઢડા, જી. ગીર સોમનાથ,હાલ રહે.સુરત, ગોડાદરા વિસ્તાર, લીંબાયત, તા.જી.સુરતનાઓની જામીન અરજી લગત હુકમ::-**

---

સાંભળ્યા, જામીન અરજી વંચાણે લીધી. આરોપી ઉપર બી.એન.એસ.૨૦૨૩નીકલમ.૧૧૭(૨),૧૧૮(૧),૧૧૫(૨),૩૫૨,૩૫૧(૨),૩૫૧(૩),૫૪ મુજબના ગુન્હાનો આક્ષેપ છે. ઈજા પામનારને ફેકચર આવતા તા.૦૫/૦૩/૨૬ના રોજ B.N.S.ની કલમ.૧૧૮(૨)ની કલમના ઉમેરાનો રીપોર્ટ આવતાં નામ. કોર્ટ દવારા B.N.S.ની કલમ.૧૧૮(૨)નો ઉમેરો કરવામાં આવેલ છે. આક્ષેપીત ગુન્હાની ગંભીરતા તેમજ સજાની જોગવાઈ ધ્યાને લેતાં તે આજીવન કેદ સુધીની સજાની જોગવાઈ છે. આરોપીની સંડોવણી હાલના ગુન્હાના કામે પ્રથમદર્શનીય રીતે જણાઈ આવે છે.ઈજાના પ્રમાણપત્ર ધ્યાને લેતાં ફરીયાદીને પગમાં ફેકચર થયેલ હોવાની હકીકત ફલીત થયેલ છે. ફરીયાદની હકીકત વંચાણે લેતાં ફરીયાદીને આરોપી દવારા ડાબા પગ ઉપર લોખંડના પાઈપનો એક ઘા મારી ડાબા પગની ઘુંટીના ભાગે ફેકચર જેવી ઈજા કરી તેમજ જમણા પગ ઉપર ગોઠણનાં ભાગે લોખંડની ટી નો એક ઘા મારી ફેકચર જેવી ઈજાઓ પહોંચાડેલ છે. જેથી આક્ષેપીત ગુન્હાની ગંભીરતા તેમજ સજાની જોગવાઈ ધ્યાને લેતાં આરોપીની જામીન અરજી નામંજુર કરવી એ યોગ્ય ઉચીત અને ન્યાયોચીત જણાઈ આવતું હોય નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

**-:: હુકમ ::-**

આરોપી મુકેશભાઈ મોહનભાઈ કલસરીયા, રહે.મુળ સણોસરી, તા.ગીર ગઢડા, જી. ગીર સોમનાથ,હાલ રહે.સુરત, ગોડાદરા વિસ્તાર, લીંબાયત, તા.જી.સુરતનાઓની જામીન અરજી આથી નામંજુર કરવાનો હુકમ કરવામાં આવે છે.

હુકમ આજ રોજ ખુલી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

તા. ૧૩/૦૩/૨૦૨૬
સ્થળઃ- ઉના.

(બી.વી.વ્યાસ)
એડીશ્નલ ચીફ જયુડી.મેજી.
ઉના